ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૦૧ તા.૦૪.૧૨.૨૦૧૭

-----------

ગુજરાતના ગૌરવ રાષ્ટ્રભક્ત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી
૬, ૮ અને ૯ ડિસેમ્બરના રોજ ૧૨ સ્થાનો પર ગુજરાત વિકાસ રેલીને સંબોધશે.

--------

કોંગ્રેસ લખેલી સ્ક્રિપ્ટો વાંચે છે, ખોટા તથ્યો પ્રજા સમક્ષ રજૂ કરે છે.

-----------

દેશની જનતા કોંગ્રેસને નખશીખ ઓળખી ચૂકી છે.

-----------

૨૦૧૪ પછીની બધીજ ચૂંટણીઓમાં કોંગ્રેસનો પરાજય થયો છે.

-----------

ભાજપા વિકાસની રાજનીતિ કરે છે અને નવા ભારતની વાત કરે છે

-----------

રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવે ભાજપા મીડીયા સેન્ટર ખાતે આજરોજ પત્રકાર પરીષદને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી ગુજરાતના પ્રવાસે છે. ગઇ કાલે વડાપ્રધાનશ્રીએ ભરૂચ-સુરેન્દ્રનગર-રાજકોટમાં વિશાળ જનસભાઓને સંબોધી હતી. લોકજુવાળ અને જનસમર્થનનો ઉત્સાહ અને પ્રજાના આશીર્વાદ ઠેર ઠેર વડાપ્રધાનશ્રીને મળી રહ્યાં છે. આજે વડાપ્રધાનશ્રી ધરમપુર, જુનાગઢ, જામનગર અને ભાવનગરમાં જનસભાઓને સંબોધશે.

શ્રી યાદવે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી આગામી ૬ ડિસેમ્બર, ૮ ડિસેમ્બર અને ૯ ડિસેમ્બરે ફરી ગુજરાતમાં પધારશે અને ૧૨ સ્થાનો પર ગુજરાત વિકાસ રેલીને સંબોધશે.

ગુજરાત ગૌરવ - વડાપ્રધાનશ્રીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | ગુજરાત વિકાસ રેલીનું સ્થળ | સમય | ગુજરાત વિકાસ રેલીનું સ્થળ | સમય | ગુજરાત વિકાસ રેલીનું સ્થળ | સમય |
|---|---|---|---|---|---|---|
| | ૬ ડિસેમ્બર ૨૦૧૭ | | ૮ ડિસેમ્બર ૨૦૧૭ | | ૯ ડિસેમ્બર ૨૦૧૭ | |
| ૧ | ધંધુકા | સવારે ૦૯-૩૦ કલાકે | ભાભર | સવારે ૧૧-૦૦ કલાકે | લુણાવાડા | સવારે ૯-૩૦ કલાકે |
| ૨ | દાહોદ | બપોરે ૧૨-૦૦ કલાકે | કલોલ | બપોરે ૧૨-૩૦ કલાકે | છોટાઉદેપુર | સવારે ૧૧-૦૦ કલાકે |
| ૩ | નેત્રંગ | બપોરે ૦૨-૦૦ કલાકે | હિંમતનગર | બપોરે ૦૨-૩૦ કલાકે | આણંદ | બપોરે ૦૧-૦૦ કલાકે |
| ૪ | સુરત | સાંજે ૦૬-૦૦ કલાકે | વટવા | સાંજે ૦૪-૦૦ કલાકે | મહેસાણા | બપોરે ૦૩-૦૦ કલાકે |

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી યાદવે વધુમાં જણાવ્યું હતુ કે, ઉત્તરપ્રદેશના હાલમાં આવેલા પરિણામોથી એ સ્પષ્ટ થઇ ગયુ છે કે, કોંગ્રેસના દુષ્પ્રચાર અને જુઠ્ઠાણાને દેશની જનતા નકારી રહી છે. કોંગ્રેસ સવારે જુઠ્ઠા આંકડાઓ આપે છે અને સાંજે જુઠ્ઠા આંકડા આપે છે. રાહુલ ગાંધી કહે છે કે ૪૩,૦૦૦ કરોડ એકર જમીન ઉધોગપતિઓને આપી દીધી છે, ત્યારે તેમને ખ્યાલ હોવો જોઇએ કે અંતરીક્ષના પાંચ ગણાનો ઉમેરો કરો ત્યારે કેટલી જમીન થાય  છે.

શ્રી યાદવે જણાવ્યું હતું કે, મહિલાઓના સાક્ષરતા દર અંગે પણ ખોટા ભ્રમ ફેલાવે છે. પહેલા સાક્ષરતા દર ૭૦.૭૦ ટકા હતો અને અત્યારે ૫૭.૮ ટકા છે, તેવી વાત કરે છે તો ભણેલી મહિલાઓ કેવી રીતે ભણ્યા વગરની થઇ જાય તે હાસ્યાસ્પદ છે.

શ્રી યાદવે જણાવ્યું હતુ કે, કોંગ્રેસ એવું ટ્વીટ કરે છે કે દેશનો જી.ડી.પી. દર યુ.પી.એ. સરકારમાં ૧૦.૬ ટકા સરેરાશ રહ્યો હતો. ૭૦ વર્ષનાશાસનમાં ક્યારેય જી. ડી. પી. દર ૭.૬ ટકા રહ્યો નથી. યુ.પી.એ.ના શાસનમાં જી. ડી. પી. દર ૪.૮ ટકા જેટલો રહ્યો હતો. આમ, કહેતા ભી દિવાના, ટ્વીટ કરતાં ભી દિવાના તેમજ ટ્વીટની લાઇક કરતાં ભી દિવાના જેવી સ્થિતિ કોંગ્રેસની થઇ છે.

કોંગ્રેસ લખેલી સ્ક્રિપ્ટ વાંચે છે, ખોટા તથ્યો પ્રજા સમક્ષ રજૂ કરે છે, દેશની પ્રજા તેમને નખશીખ ઓળખી ચુકી છે, અને ૨૦૧૪ પછી બધી જ ચૂંટણીઓમાં તેમનો પરાજય થયો છે. ભાજપા વિકાસની વાત કરે છે, અને નવા ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૦૨ તા.૦૪.૧૨.૨૦૧૭

--------

કોંગ્રેસ જ્ઞાતિવાદ અને જાતિવાદ ના નામે ગંદુ રાજકરણ કરી રહી છે

----------

આદિવાસી વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૬૭ હજાર કરોડના વિકાસ કાર્યો થયાં

----------

રાહુલ ગુજરાતમાં ફરીને એવું કહે છે કે, કોંગ્રેસ આવે છે,
પરંતુ યુ.પી.માં કોંગ્રેસ ખોવાઇ ગઇ અને ગુજરાતમાં તો વર્ષોથી ખોવાઇ ગઇ છે

---------

જનતા કોંગ્રેસ પાસે જવાબ માંગે કે તેઓના શાસનમાં અંધારૂ કેમ હતું

----------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે વ્યારા ખાતે જંગી જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે, અહીંયાનું વિરાટ દ્રશ્ય જોઇને હવે, હું નિશ્ચિંત થઇ ગયો છું. અહીંયા કમળનું ફૂલ જરૂર ખિલશે. ૨૦૧૭ ગુજરાત વિધાનસભાની ચૂંટણી ગુજરાતના ભવિષ્ય માટે ખૂબજ મહત્વની ચૂંટણી છે. ગુજરાતનો રાજકીય ઇતિહાસ જોઇએ તો ગુજરાતનાં શાસનને બે ભાગમાં વહેંચી શકાય. ૧૯૯૫ પહેલાંનું કોંગ્રેસ શાસન હેઠળનું ગુજરાત અને ૧૯૯૫ પછીનું ભાજપાના શાસન હેઠળનું ગુજરાત. ભાજપાના શાસન હેઠળ ગુજરાતમાં આદિવાસી વિસ્તારો અને આદિવાસી સમાજોનાં વિકાસનું કાર્ય પુરજોશમાં ચાલું થયું.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, ગુજરાત આવીને રાહુલ ગાંધી દરરોજ રોજગારી-રોજગારી કરે છે, પરંતુ અમેઠીના ૧૩૬૭૨ યુવાનો રોજગારી માટે ગુજરાતમાં સ્થાયી થયાં છે. પહેલાં તેનો જવાબ આપો. આઝાદીના ૭૦ વર્ષ પછી અમેઠીની કલેક્ટર ઓફીસનું ભૂમીપૂજન હજુ હમણાં જ કરીને આવ્યો છું. તાજેતરના યુ. પી. ના પરિણામોમાં કોંગ્રેસનું એકપણ મહાનગરપાલિકામાં ખાતુ પણ ખુલ્યું નથી. કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં બહુ મોટા જુઠ્ઠાણાઓ ફેલાવે છે. આદિવાસી વિસ્તારોમાં જઇને બહુ મોટા જુઠ્ઠાણાઓ ફેલાવે છે, કે કંઇ કામ નથી કર્યું.

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતું કે, બાબા સાહેબ આંબેડકરે કરેલી સંવૈધાનિક જોગવાઇ મુજબ રાજ્ય સરકારોએ રાજ્યના બજેટમાં આદિવાસી વિકાસ માટે અલાયદી જોગવાઇ કરવી ફરજીયાત છે. ૧૯૪૭ થી ૨૦૦૧ સૂધી ક્યાંય આ બાબતે યોગ્ય જોગવાઇ ના કરવામાં આવી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૨ના બજેટથી આ વિશેષ જોગવાઇની શરૂઆત કરી. ૨૦૦૪માં ટ્રાયબલ ડેવલોપમેન્ટ પ્લાન ની સાથે વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા જે હેઠળ ૨૦૦૩ થી ૨૦૧૭ સુધીમાં ભાજપા સરકારે કુલ ૬૭,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આદિવાસી વિસ્તારો અને સમાજોના વિકાસ માટે કર્યો. આદિવાસી લોકોની પાયાની જરૂરિયાતો જેવી કે, આરોગ્ય, શિક્ષણ, વિજળી, પાણી, રસ્તાઓ વગેરેને ધ્યાનમાં રાખીને ભાજપા સરકારે વિકાસ કાર્યોની ઝુંબેશ ચલાવી. ૮૮ લાખ લોકોને સિકલ સેલની બિમારીના ચેકિંગનું કામ કર્યું. ૬,૯૦,૦૦૦ લોકોની ગંભીર બિમારીની દવા સરકારી ખર્ચે પૂરી પાડી. પાંચ આદિવાસી જીલ્લાઓમાં ૩૦૦ બેડની હોસ્પિટલ અને મેડિકલ કોલેજો માટે ૩૦૦ કરોડની યોજના બનાવી.

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતુ કે, ભાજપાએ એક નવી કલ્પના સાથે સંસ્થાગત વિકાસની શરૂઆત કરી. ૧૩૪ એકલવ્ય નિવાસી શાળા, ૪૩ કન્યા નિવાસી શાળા, ૨ નવી સૈનિક શાળાઓ ખોલી, ૨,૨૫,૦૦૦ વિધાર્થીઓને રહેવાની અને ભણવાની સુવિધા પુરી પાડી. ૧૭ લાખ આદિવાસી બાળકોને શિષ્યવૃત્તિ આપી. ૯ લાખ યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટની તાલીમ સાથે ભરતી મેળાઓ દ્વારા ૨ વર્ષમાં ૨ લાખ લોકોને રોજગારી આપવાનું કામ કર્યું. પાંચ લાખથી વધુ આદિવાસી ખેડૂતોને બીજ અને ખાતર આપ્યું. ૧૦૦ ટકા આદિવાસી વિસ્તારોને પાકા રસ્તાઓથી જોડવાનું કાર્ય કર્યું. કોંગ્રેસ પાસેથી હિસાબ માંગો કે, તેમનાં સમયમાં અંધારૂ શા માટે હતું ? આજે ભાજપાએ ૨૪ કલાક વિજળી આપવાનું વચન પૂરૂ કર્યું છે. ૬ લાખ એકર ખેતીની જમીનને સિંચાઇનું પાણી આપવાનું કામ ભાજપાએ કર્યું છે. જ્યાં ૭૫ ટકાથી વધુ આદિવાસી જનસંખ્યા હોય તેવા વિસ્તારમાં ૧૦૦ નવા વિજળીના સબસ્ટેશનો બનાવવાનું કામ અમે કર્યું છે. ૧,૬૬,૬૬૧ લોકોને બે વર્ષમાં તેમનાં ઘરે મફતમાં વિજળી પહોંચાડી છે. પાંચ લાખ આદિવાસી બહેનોને ઘરનું ઘર આપ્યું છે. આદિવાસી વિસ્તારોમાં ૧૫૦૦૦ ચેકડેમો બનાવ્યાં છે, અને ૬,૮૩,૦૦૦ આદિવાસી ભાઇઓને કેન્સર તથા હાર્ટની બિમારીમાંથી બચાવ્યાં છે. પાંચ જિલ્લાઓમાં નવી મેડીકલ કોલેજ બનાવવાનું કામ શરૂ કર્યું છે, અને તેનાં માટે રૂ. ૨૦૦ કરોડનું ફંડ પણ આપી દીધું છે. આદિવાસી વિસ્તારોમાં નવા જીલ્લાઓ બનાવ્યાં છે. કોંગ્રેસને આવું ક્યારેય ના સુઝયું. ૧,૦૪,૦૦૦ બહેનોને ગાય-ભેંસ માટે સહાય પૂરી પાડી ડેરી ઉધોગ સાથે જોડી રોજગારી પૂરી પાડી છે. ૮૭,૦૦૦ આદિવાસી ખેડૂતોને ૧૩ લાખ એકર જેટલી જમીન તેનાં નામે કરવાની કામગીરી પૂર્ણ કરી છે. એક તરફ કોંગ્રેસના વાતોના વડા અને બીજી તરફ ૬૭,૦૦૦ કરોડના કાર્યો, તમે જ કહો વિકાસ કોને કહેવાય ?

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે વર્ષો સુધી જાતિવાદના નામ પર રાજ કર્યું અને આજે પણ હજુ જ્ઞાતિવાદ અને જાતિવાદ ના નામે ગંદુ રાજકરણ કરી રહી છે. ભાજપા શ્રીમોદીજીના "સૌનો સાથ, સૌનો વિકાસ" ના મંત્ર સાથે આગળ વધી રહી છે. તમારે નક્કી કરવાનું છે કે, તમારે કુકડા અને બકરા આપતી સરકાર જોઇએ છે કે ગાય ભેંસ તથા વિજળી આપવાવાળી સરકાર જોઇએ છે ? રાહુલ ગુજરાતમાં ફરીને એવું કહે છે કે, કોંગ્રેસ આવે છે, પરંતુ યુ.પી.માં કોંગ્રેસ ખોવાઇ ગઇ અને ગુજરાતમાં તો વર્ષોથી કોંગ્રેસ ખોવાઇ ગઇ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૪.૧૨.૨૦૧૭

---------

શિક્ષણને સાર્વત્રિક કર્યુ – સમાજમાં ભણતર વધ્યું- કોંગ્રેસને ખૂંચ્યું- ગરાસ લૂંટાઇ ગયો.

---------

સરકારી શાળાઓ આધુનિક બની. બાળક ત્યાં શાળા-વર્ગખંડ લાઇટ શૌચાલય-સુવિધા પહોંચ્યાં

--------

કોંગ્રેસના જુઠ્ઠાણા ગુજરાતની જનતાને ભરમાવી શકશે નહીં

----------

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે ગુજરાતમાં શિક્ષણના વધેલાં વ્યાપ અને સાર્વત્રિકરણના મુદ્દે જુઠ્ઠાણાં ફેલાવતી કોંગ્રેસ અને કોંગ્રેસના નેતાઓની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી છે. ગુજરાતમાં પ્રાથમિકથી લઇને ઉચ્ચશિક્ષણના ક્ષેત્રે થયેલી પ્રગતિને પરિણામે શિક્ષણ સાર્વત્રિક થયું. સમાજમા ભણતર વધ્યું. કોંગ્રેસને આ કેમ ખૂંચ્યું છે ? કોંગ્રેસ સમાજને અભણ રાખવા માંગે છે તે ભાંડો ફૂટી ગયો છે. શિક્ષણ ગામ-નગર-મહાનગરમાં વધ્યું તેના પરિણામે કોંગ્રેસનો ગરાસ લૂંટાઇ ગયો છે. મતબેંક સરકી ગઇ છે. કોંગ્રેસની હાલત "દુ:ખે પેટ અને કુટે માથું" જેવી થઇ ગઇ છે.

ડો. જગદીશ ભાવસારે ભાજપાની સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ શિક્ષણક્ષેત્રે આવેલાં આમુલ પરિવર્તન અને ગુજરાતમાં સંવેદનશીલ ભાજપા સરકારે શિક્ષણનો વ્યાપ વધે તે માટે ભરેલાં પગલાંની માહિતી આપતા જણાવ્યું હતુ કે, ૧૯૪૭થી ભારત આઝાદ થયું અને મોટાભાગનો સમય કોંગ્રેસ સત્તામાં રહી શિક્ષણ સૌને મળે તેવી ચિંતા તેને કરી હતી ખરી ?

૧૯૯૯માં વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપાયીના શાસનમાં માનવ સંશાધન પ્રધાન ડો. મુરલી મનોહર જોષીએ "બાળક ત્યાં શાળા" પહોંચાડવાના મહત્વાકાંક્ષી કાર્યક્રમ સર્વ શિક્ષા અભિયાન (SSA) ને અમલમાં મુક્યો હતો. "સૌ ભણે સૌ આગળ વધે" ની સર્વાંગિણ વિકાસની યાત્રા પ્રારંભ કરી હતી. ૪૦ વર્ષ સુધી કોંગ્રેસને કેમ સુઝ ન પડી ? જવાબ જનતાને આપવો જોઇએ. રાઇટ ટુ એજયુકેશન એક્ટ (૨૦૦૯) ની દિશામાં નક્કર કદમ પણ અટલ બિહારી વાજપાયીના કાર્યકાલમાં પ્રારંભ કરવામાં આવ્યા હતાં. તેનો કોંગ્રેસે સમાજ સમક્ષ સ્વિકાર કરવો જોઇએ.

ગુજરાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યપ્રધાન હતા ત્યારે ૧૦૦ ટકા નામાંકન ના ધ્યેય સાથે વાજતે ગાજતે દિકરા-દિકરીઓને પ્રાથમિક શાળાઓમાં દાખલ કરવાનો પ્રારંભ કર્યો હતો જેની સમગ્ર દેશમાં સ્વિકૃતિ થઇ છે શું તે શિક્ષણ જન જન સુધી પહોંચાડવા માટેનો વિકાસલક્ષી પ્રયાસ ન ગણી શકાય ? શિક્ષણ વિરોધી કોંગ્રેસે તેને તાયફા કીધાં હતાં જે ગુજરાતની જનતા જાણે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રવેશોત્સવ, ગુણોત્સવ, શાળાઓમાં શૌચાલયની સુવિધા, શાળાને લાઇટની સુવિધા, પીવાના ચોખ્ખા પાણીની સુવિધા, કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ, મધ્યાહ્ન ભોજનમાં પોષણક્ષમ આહાર, આરોગ્યની ચકાસણી જેવી બાળ કલ્યાણલક્ષી કાર્યક્રમની વણઝાર ભાજપાએ નાત-જાતના ભેદભાવ વગર ઉભી કરી છે જેને લીધે શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષા આપનારનું પ્રમાણ વધ્યું છે. ધોરણ ૧૨માં બોર્ડની પરીક્ષા આપનારનું પ્રમાણ વધ્યું છે. કોલેજોની સંખ્યા વધી છે. યુનિર્વસીટીઓની સંખ્યા વધી છે. ગુજરાતના વિધાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તકો ઉપલબ્ધ થઇ છે. વાંક દેખી કોંગ્રેસને માત્રને માત્ર વાંકજ દેખાય છે. વિકાસ નહીં વિવાદ દેખાય છે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે, ૧૦૦૦ કરોડની "મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના" શાળાઓની ફી વધારાની બેફામ લૂંટને ડામવા કડક કાયદો એ જનતા જનાર્દનની સુખાકારી માટે હિંમતપૂર્વક ભાજપાની સરકાર જ કરી શકે. ગુજરાતમાં સાક્ષરતા દરમાં આગળ છે. આર.ટી.ઇ.ના અમલમાં આગળછે. ગુજરાતની પ્રગતિના વિરોધીઓ અને કોંગ્રેસ પાછળ છે તે ગુજરાત પૂરી રીતે જાણી ગયું છે. કોંગ્રેસના જુઠ્ઠાણા ગુજરાતની જનતાને ભરમાવી શકશે નહીં.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૦૪.૧૨.૨૦૧૭

---------

## દૂરદર્શન અને આકાશવાણી પર ભાજપાના નેતાઓનો ચૂંટણી પ્રચાર

--------

ભાજપાના પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ૯ ડિસેમ્બર અને ૧૪ ડિસેમ્બર બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં દૂરદર્શન અને આકાશવાણી તરફથી રાજકીય પક્ષોને ચૂંટણી પ્રચાર માટે ફાળવવામાં આવેલ સમય અંતર્ગત ૫ ડિસેમ્બર અને ૬ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ભાજપાના પ્રદેશ અગ્રગણ્ય નેતાઓનો દૂરદર્શન અને આકાશવાણી પર નીચે દર્શાવેલા સમયે, નીચેના વિષયો પર વાર્તાલાપ કરશે.

| ક્રમ | તારીખ | ભાજપાના અગ્રગણ્ય નેતાનું નામ | વિષય | સમય |
|---|---|---|---|---|
| | | દૂરદર્શન | | |
| ૧ | ૦૫.૧૨.૨૦૧૭ | શ્રી જયંતિભાઇ પરમાર | મહેસુલી સુધારાઓ | સાંજે ૦૬-૨૦ |
| ૨ | | શ્રી ચૈતન્ય શંભુ મહારાજ | યાત્રાધામ વિકાસ | સાંજે ૦૬-૩૦ |
| ૩ | ૦૬.૧૨.૨૦૧૭ | ડો. જ્યોતિબેન પંડ્યા શેઠ | સર્વવ્યાપી વિકાસ | સાંજે ૦૬-૫૦ |
| | | આકાશવાણી | | |
| ૪ | ૦૫.૧૨.૨૦૧૭ | ડો. અનિલભાઇ પટેલ | સર્વવ્યાપી વિકાસ | સવારે ૦૯-૦૦ |
| ૫ | ૦૬.૧૨.૨૦૧૭ | શ્રી જગદીશભાઇ પંચાલ | બક્ષીપંચ | સવારે ૦૯-૦૦ |
| ૬ | | શ્રી ચૈતન્ય શંભુ મહારાજ | યાત્રાધામ વિકાસ | સાંજે ૦૮-૧૫ |

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૦૪.૧૨.૨૦૧૭

----------------

ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૪ ડીસેમ્બરનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ

----------------

૯ ડીસેમ્બરના રોજ યોજાનારી દક્ષિણ ગુજરાત અને કચ્છની બેઠકોમાં ચૂંટણી પ્રચાર કરશે

----------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ગુજરાત પ્રવાસ અને જુદી-જુદી જગ્યાઓએ યોજાનાર જાહેરસભાનો વિગતવાર કાર્યક્રમ આજરોજ જાહેર કર્યો હતો.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો વિગતવાર પ્રવાસ કાર્યક્રમ
તારીખ ૦૫ ડીસેમ્બર, ૨૦૧૭

| ક્રમ | નેતાશ્રીનું નામ | સમય | સ્થળ |
|---|---|---|---|
| તા. ૦૫/૧૨/૨૦૧૭ Date. 05/12/2017 | | | |
| ૧ | શ્રી અમિતભાઇ શાહ<br>રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી | બપોરે ૧૨.૦૦ કલાકે<br>AM 12.00 | જાહેરસભા – રાજુલા |
| | | બપોરે ૦૧.૩૦ કલાકે<br>PM 01.30 | જાહેરસભા – મહુવા |
| | | બપોરે ૦૩.૦૦ કલાકે<br>PM 03.00 | જાહેરસભા – શિહોર |
| | | બપોરે ૦૪-૩૦ કલાકે<br>PM 04.30 | જાહેરસભા – લીંમડી |

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૪.૧૨.૨૦૧૭

----------------

## ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૫ ડીસેમ્બરનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ

----------------

પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૫ ડીસેમ્બરે ગુજરાત રાજ્યના વિવિધ વિધાનસભા ક્ષેત્રોમાં જાહેરસભાઓ સંબોધશે.

| ક્રમ | નેતાશ્રીનું નામ | સમય | સ્થળ |
|---|---|---|---|
| તા. ૦૫/૧૨/૨૦૧૭ Date. 05/12/2017 | | | |
| ૧ | શ્રીમતી આનંદીબેન પટેલ<br>પૂર્વ મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય | બપોરે ૦૨.૩૦ કલાકે | કુબેર ફાર્મ, મોટી શાકભાજી માર્કેટ, પાદરા |
| | | બપોરે ૦૪.૦૦ કલાકે | આદિત્ય પાર્ટી પ્લોટ, ગુરૂકુલ નજીક, વાઘોડીયા રોડ, વડોદરા |
| | | બપોરે ૦૫.૧૫ કલાકે | સતાપ્દી પાર્ટી પ્લોટ છાણી, વડોદરા |
| | | સાંજે ૦૬.૩૦ કલાકે | મીલન પાર્ટીપ્લોટ, એરપોર્ટ નજીક, વડોદરા |
| ૨ | શ્રી પરેશ રાવલ<br>સાંસદસભ્યશ્રી | સવારે ૧૧.૧૫ કલાકે | કાલારાની જેતપુર-પાવી વિધાનસભા |
| | | બપોરે ૦૧.૦૦ કલાકે | કડવાલ ગામ, છોટાઉદેપુર વિધાનસભા |
| | | બપોરે ૦૩.૩૦ કલાકે | ડી.બી.પારેખ હાઇસ્કુલ સંખેડા વિધાનસભા |
| | | સાંજે ૦૫.૩૦ કલાકે | નવી ધરતી, વિધ્યાનંદચોક – રાવપુરા વિધાનસભા |
| | | રાત્રે ૦૮.૦૦ કલાકે | નાગરવાડા, વડોદરા |
| ૩ | શ્રીમતી નિર્મલા સીતારમનજી<br>કેન્દ્રીય મંત્રીશ્રી | બપોર. ૩.૦૦ કલાકે | મહિલા સંમેલન, બીએપીએસ, રાજકોટ |
| | | સાંજે ૫.૩૦ કલાકે | પત્રકાર પરિષદ, હોટલ ઇમ્પિરિયલ પેલેસ, રાજકોટ |
| | | સાંજે ૭.૦૦ કલાકે | પ્રદેશ મીડિયા ટીમ સાથે મીટીંગ, મીડિયા સેન્ટર અમદાવાદ |
| | | રાત્રે ૯.૦૦ કલાકે | ડોકટરો સાથે મીટીંગ, બાપુનગર, અમદાવાદ |
| ૪ | શ્રીમતી નિરંજના જ્યોતિજી<br>કેન્દ્રીય મંત્રીશ્રી | - | સોમનાથ ખાતે ગૃપ મીટીંગ |
| ૫ | શ્રી પરષોત્તમ રૂપાલાજી<br>કેન્દ્રીય મંત્રીશ્રી | સવારે ૧૦.૧૫ કલાકે | જાહેરસભા – ધ્રાંગધ્રા |
| | | સવારે ૧૧.૩૦ કલાકે | જાહેરસભા – હડવદ |
| | | બપોરે ૧.૩૦ કલાકે | જાહેરસભા –ધારી |
| | | બપોરે ૩.૦૦ કલાકે | જાહેરસભા – ભાયાવદર |
| | | સાંજે ૪.૦૦ કલાકે | જાહેરસભા – ઉપલેટા |

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


| | | | |
|---|---|---|---|
| | | સાંજે ૭.૦૦ કલાકે | બે જાહેરસભાઓ - મોરબી |
| | | રાત્રે ૮.૩૦ કલાકે | જાહેરસભા –રવાપર |
| ૬ | શ્રી હંસરાજ આહિર<br>કેન્દ્રીય મંત્રીશ્રી | - | જાહેરસભા – પોરબંદર વિધાનસભા |
| | | - | જાહેરસભા – કુતીયાણા વિધાનસભા |
| ૭ | શ્રી યોગી આદિત્યનાથજી<br>માન.મુખ્યમંત્રીશ્રી ઉત્તરપ્રદેશ | બપોરે ૨.૪૫ કલાકે | પત્રકાર પરિષદ – ગ્રાન્ડ ભગવતી હોટલ, સુરત |
| ૮ | શ્રીમતી વસુંધરા રાજેજી<br>માન.મુખ્યમંત્રીશ્રી રાજસ્થાન | બપોરે ૧૨.૦૦ કલાકે | જાહેરસભા – ધાનેરા વિધાનસભા |
| | | સાંજે ૪.૩૦ કલાકે | જાહેરસભા – રીંગરોડ, લીંબાયત વિધાનસભા |
| | | સાંજે ૬.૧૫ કલાકે | જાહેરસભા – પાલોદ પાટીયા,<br>લીંબાયત વિધાનસભા |
| | | સાંજે ૭.૪૫ કલાકે | જાહેરસભા – મજુરા વિધાનસભા |
| ૯ | શ્રી મનોજ તિવારી<br>સંસદસભ્યશ્રી | સવારે ૧૦.૦૦ કલાકે | રોડ-શો- બાપુનગર વિધાનસભા |
| | | સાંજે ૭.૩૦ કલાકે | જાહેરસભા – ઓલપાડ, અમરોલી, સુરત |
| | | રાત્રે ૮.૪૫ કલાકે | જાહેરસભા – ચોર્યાસી વિધાનસભા, સુરત |
| ૧૦ | શ્રી જીતુભાઇ વાઘાણી<br>પ્રદેશ પ્રમુખશ્રી | બપોરે ૧.૦૦ કલાકે | મહેસાણા ગૌરવ સભા, મહેસાણા |
| ૧૧ | શ્રી વિજયભાઇ રૂપાણી<br>મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય | - | જાહેરસભા - વડગામ<br>જાહેરસભા – દાંતા વિધાનસભા |
| ૧૨ | શ્રી શંભુનાથ ટુંડીયાજી<br>પ્રમુખશ્રી એસ.સી. મોરચો | સવારે ૧૦.૪૫ કલાકે | જાહેરસભા –જુની રાવલવાડી, ભૂજ |
| | | બપોરે ૧૨.૧૫ કલાકે | જાહેરસભા – અહીવર તા. ગાંધીધામ |
| | | બપોરે ૧.૩૦ કલાકે | જાહેરસભા – પીદરડા, તા. માંડવી, કચ્છ |
| ૧૩ | શ્રી ગોરધનભાઇ ઝડફીયા | સાંજે ૫.૦૦ કલાકે | જાહેરસભા – ઉમરાળા |
| | | રાત્રે ૮.૦૦ કલાકે | જાહેરસભા – જેસીંગપરા, અમરેલી |

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ